**સ્પે.દાવા નં.૩૪/૨૦૦૯**

**આંક–૫ નીચે હુકમ ::–**

**૧. આ કામના વાદી પંકજકુમાર બચુભાઈ વેલાણીએ સદર દાવો દાખલ કરી તેની સાથે આંક–૫ ની અરજી સીવીલ પ્રોસીજર કોડના ઓર્ડર ૩૮ રૂલ ૫ મુજબ એટેચમેન્ટ બીફોર જજમેન્ટ બાબતની આપેલ છે. જેની ટુંક હકીકત એવી છે કે, તેઓ પાટણમાં રહે છે અને વકીલાતનો વ્યવસાય કરે છે. તેઓ મોજે શહેર પાટણમાં નવકાર કેમીસ્ટ તથા બનાસ ફાર્મા ડીસ્ટ્રીબ્યુટર્સ એ નામથી દવાઓના ખરીદ વેચાણનો ધંધો સને ૧૯૯૧ થી કરતા હતા. વાદી રજીસ્ટર્ડ ફાર્માસીસ્ટ હોવાથી સદર વ્યવસાય કરતા હતા તથા વાદી પાટણ કેમીસ્ટ એસોસીએશન તેમજ નોર્થ ગુજરાત કેમીસ્ટ એસોસીએશનના સભ્ય હતા અને છે. પ્રતિ.નં.૧ શહેર પાટણમાં સંજય મેડીકલ સ્ટોર્સ એ નામથી દવાઓનો વેપાર કરે છે. તેઓ પાટણ કેમીસ્ટ એસોસીએશનના ટ્રેઝરર છે તથા નોર્થ ગુજરાત કેમીસ્ટ એસોસીએશનના સેક્રેટરી છે તેમજ ધી ફેડરેશન ઓફ ગુજરાત સ્ટેટ કેમીસ્ટ એન્ડ ડ્રગીસ્ટ એસોસીએશનના એકશન કમીટીના ચેરમેન છે અને હતા. પ્રતિ.નં.૨, રાજય સરકાર છે તેઓને આ દાવામાં જરૂરી અને આવશયક પક્ષકાર હોઈ ફોર્મલ પક્ષકાર તરીકે જોડેલ છે, તેમની વિરૂધ્ધ કોઈ દાદ માંગેલ નથી. વધુમાં વાદી જણાવે છે કે, પ્રતિ.નં.૧ પોતાનો અંગત સ્વાર્થ સંતોષવા ખાતર તેમજ તેમની ગેર વ્યાજબી માંગણીઓ પુરી કરવા સારૂ દવાના વેપારીઓનો, દવાની કંપનીઓનો અને સેલ્સ મેનોનો ધંધાકીય બોયકોટ એસોસીએશન લેવલે કરતા હતા અને કરે છે. બોયકોટ થયેલ વ્યકિત સમાધાન માટે પ્રતિ.નં.૧ પાસે આવે ત્યારે નાણાંકીય મોટી રકમ ના દંડ લઈ ડોનેશનની પાવતીઓ આપતા અને આ પ્રવૃત્તિ ગેરકાયદેસર રીતે તેઓના મેળાપીપણાવાળી વ્યકિતઓની સાથે મળી કરતા હતા અને કરતા આવ્યા છે. આ દાવા અગાઉની હકીકત મુજબ પ્રતિ.નં.૧ નાએ સને ૧૯૯૬ માં પાર્થ મેડીકલ એજન્સી એ નામની દવાની પેઢી જે પાટણમાં આવેલ છે તેનો ધંધાકીય બહીષ્કાર કરેલ તેથી પાર્થ મેડીકલ એજન્સીએ પ્રતિ.નં.૧ વિરૂધ્ધ તેમજ અન્ય હોદ્દેદારો વિરૂધ્ધ**

એમ.આર.ટી.પી.કમીશનમાં આર.ટી.પી.કે.નં.૧૨૪/૯૭ નો કરેલ. સદર કેસમાં નામ.એમ.આર.ટી.પી.કમીશને મનાઈહુકમ આપેલ અને તે મનાઈહુકમનુ ઉલ્લંઘન પ્રતિ.નં.૧ નાએ તા. ૧૪/૭/૯૭ ના પાટણ કેમીસ્ટ એસોસીએશનની કારોબારોની મીટીંગમાં ઠરાવ કરી કરેલ. સદર આર.ટી.પી.કે.નં.૧૨૪/૯૭ માં જવાબો પ્રતિ.નં.૧ નાએ પોતાની સહી કરી ફાઈલ કરેલ અને સદર કમીશન સમક્ષ સત્ય હકીકતો છુપાવી ખોટી હકીકતો સોગંદનામા ઉપર જાહેર કરેલ અને પ્રતિ.નં.૧ ના વિરૂધ્ધ કોર્ટના હુકમ ના અનાદર બદલ કન્ટેમ્પ્ટ એપ્લીકેશન દાખલ થયેલ તેમાં તેમને સજા થશે તે બીકે પાર્થ મેડીકલ એજન્સી સાથે સમાધાન કરી તેના માલીક જયંતીલાલ નાનાલાલ પટેલને તેમની તરફેણમાં કરી લીધેલ. વધુમાં વાદી જણાવે છે કે, વાદીએ પાર્થ મેડીકલ એજન્સીની તરફેણમાં સત્ય વાત રજુ કરતા પ્રતિ.નં.૧ તેમજ અન્ય હોદ્દેદારોને પસંદ નહીં પડતા તથા વાદીએ પાર્થ મેડીકલ એજન્સીની તરફેણમાં એમ.આર.ટી.પી.કમીશનમાં સોગંદનામુ કરેલ તે પણ પ્રતિ.નં.૧ ને પસંદ નહીં પડતા તેઓએ વાદીની બંન્ને પેઢીઓનો તા. ૩/૧/૯૭ થી અસહકાર જાહેર કરેલ અને ત્યારબાદ તા. ૧/૪/૯૯ થી તેમની બંન્ને પેઢીઓનો ધંધાકીય લાઈફ ટાઈમ બોયકોટ કરેલ તેથી વાદીએ પ્રતિ.નં.૧ તેમજ અન્ય વિરૂધ્ધ કાયદેસરના પગલાં ભરેલા. વાદીએ,નામ.સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડિયામાં, એમ.આર.ટી.પી.કમીશનમાં,પાટણ ફોજદારી કોર્ટમાં પ્રતિ.નં.૧ વિરૂધ્ધ વિવિધ પગલા લીધેલા. પ્રતિ.નં.૧ એ વાદીની બંન્ને પેઢીઓ ઉપર ખોરાક અને ઔષધ નિયમન તંત્ર ધ્વારા દરોડાઓ પડાવેલ તે અંગેની દસ્તાવેજી માહિતી વાદીની ઉપર થયેલ ક્રિ.કે.નં.૮૦૭/૯૯ ના કામે તા.૨૪/૨/૦૪ નારોજ મળેલ. સદર કેસમાં વાદીને નામ.કોર્ટે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે. વાદી જણાવે છે કે, વાદી પાટણ કેમીસ્ટ એસોસીએશનની વાર્ષિક સભ્ય ફી નિયમીત ભરતા હતા. સદર ફી પ્રતિ.નં.૧ ના ટ્રેઝરર હોવાથી તેમની દુકાને વાદી આપી જતા હતા. વાદી તા.૩/૫/૦૩ નારોજ પાટણ કેમીસ્ટ એસોસીએશનની વાર્ષિક સભ્ય ફી રૂા.૧૦૦/– પ્રતિ.નં.૧ ને આપવા તેમની દુકાને ગયેલા ત્યારે

પ્રતિ.નં.૧ ને સદર રકમ આપેલ ત્યારે પ્રતિ.નં.૧ નાએ પાવતી બે દીવસ પછી લેવા આવવા જણાવેલ. જેથી વાદી તા.૫/૫/૦૩ નારોજ સાંજના ૮–૦૦ વાગ્યાના સુમારે રેવંતીકુમાર જમનાદાસ શાહની સાથે પાવતી લેવા પ્રતિ.નં.૧ ની દુકાન સંજય મેડીકલ સ્ટોર્સ ઉપર ગયેલા અને પ્રતિ.નં.૧ પાસે પાવતી માંગતા તેઓએ પાવતી આપવાનો ઈન્કાર કરેલ અને તેમની સાથે બોલાચાલી થતાં પ્રતિ. નં.૧ નાએ વાદીને કહેલ કે " નીતીન ગાંધીનો આદેશ છે કે, તને ખલાસ કરી નાંખવાનો છે. તું અહીંથી ચાલ્યો જા નહીંતર જાનથી મારી નાંખીશ. તુ અમારી વિરૂધ્ધના કેસ પાછા ખેંચી લે, ફેડરેશનની તાકાતની તને ખબર નહીં હોય, કયાંય ફેંકાઈ જઈશ. " તેવુ કહી પ્રતિ.નં.૧ નાએ દુકાનના કાઉન્ટરનુ ખાનુ ખોલી લોખંડની કાતર કાઢી વાદીને મારવા આવેલા તેથી વાદી ગભરાઈ ગયેલા અને વાદી તથા તેમની સાથેના રેવંતીકુમાર બંને જણા સ્કુટર ઉપર ભાગી નીકળેલા. ઉપરોકત બનાવ બાબતે વાદી પાટણ સીટી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપવા ગયેલા પરંતુ પોલીસે તેમની ફરીયાદ લેવાનો ઈન્કાર કરેલ તેથી તેઓએ તા.૬/૫/૦૩ નારોજ પાટણના ચીફ જયુડી.મેજી.સા.ની કોર્ટમાં ફરીયાદ દાખલ કરેલ જેનો ક્રિ.કે.નં.૨૪૧૬/૦૩ નો પડેલ. વાદીને મળેલ માહિતી મુજબ જે તે વખતે પ્રતિ.નં.૧ પાટણ શહેરમાં વેપારી મહામંડળમાં ઉચ્ચ હોદ્દો ધરાવતા હતા અને તેમની રાજકીય વગ પણ ઘણી મોટી હતી અને છે તેથી પોલીસ ઉપર વાદીની ફરીયાદ નહીં લેવા દબાણ કરેલ. વાદીએ, પ્રતિ.નં.૧ વિરૂધ્ધ જે તે સમયે નામ.સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડિયામાં સીવીલ અપીલ નં.૬૩૦/૦૨, એમ.આર.ટી.પી.કમીશન, દિલ્હીમાં કન્ટેમ્પ્ટ એપ્લીકેશન નં.૩/૦૨ તથા પાટણ ચીફ જયુડી.મેજી.શ્રીની કોર્ટમાં કોર્ટ ઈન્કવાયરી નં.૧/૦૩, ૧૦/૦૩ તથા ૫૦/૦૨ કરેલ જેમાં પ્રતિવાદી નં. ૧ ના આરોપી હતા તેથી તેઓ અવાર નવાર સદર કેસો બાબતે વાદીને ધમકીઓ આપતા હતા. વાદીને તા.૫/૫/૦૩ નારોજ પ્રતિ.નં.૧ ના લોખંડની કાતર લઈ મારવા આવેલા અને જાનથી મારી નાંખવાની ધમકી આપેલી ત્યારે વાદી ભયમાં મુકાઈ ગયેલ અને પ્રતિ.નં.૧ ના વિરૂધ્ધ ફરીયાદ

કરવાના છે તેવી હકીકત તેમને મળતાં તેઓએ કાઉન્ટર બ્લાસ્ટમાં તેમની વિરૂધ્ધ તેમની વગનો ઉપયોગ કરી તદ્દન ખોટી ફરીયાદ, ખોટા આક્ષેપો વાળી તદ્દન ખોટો બનાવ ઉભો કરી સાચા બનાવને છુપાવી પાટણ સીટી પો.સ્ટે.માં સે.ગુ.ર.નં. ૯૮/૦૩ થી તા.૫/૫/૦૩ નારોજ ઈ.પી.કો.ક.૫૦૪,૫૦૬(૨) મુજબની વાદી વિરૂધ્ધ નોંધાવેલ. વાદી વિરૂધ્ધ સદર ફરીયાદ હેરાન કરવાના ઈરાદાથી વાદીની આબરૂ લીલામ થાય તેવા એકમાત્ર આશયથી તેમજ પ્રતિ.નં.૧ ના વિરૂધ્ધ ચાલતી કાનૂની કાર્યવાહીઓ જે વાદીએ કરેલ તે વાદી ઉપર સખ્ત દબાણ લાવવાના દુષ્ટ આશયથી પ્રતિ.નં.૧ એ કરેલ ફરીયાદમાં સાહેદ તરીકે પટેલ મુકેશભાઈ મંગળદાસને પંચ તરીકે પ્રતિ.નં.૧ ના લાવેલા. અને પ્રતિ.નં.૧ ની દુકાનમાં નોકરી કરતા વફાદાર માણસો મોહનલાલ ગુલાબદાસ પટેલ તેમજ નવીનચંદ્ર મુકતીલાલને સાહેદ તરીકે દર્શાવેલા તથા જયંતીલાલ નાનાલાલ પટેલને પંચ તરીકે પ્રતિ.નં.૧ લાવેલા. તેઓએ કોઈ તટસ્થ કે સ્વતંત્ર સાહેદ ફરીયાદમાં દર્શાવેલ નથી. મુકેશ મંગળદાસ પટેલ પાટણ કેમીસ્ટ એસોસીએશનના સેક્રેટરી હતા અને દવાના વેપારી છે. જયંતીલાલ નાનાલાલ પટેલ દવાના વેપારી છે આ બંન્ને સાથે પ્રતિ.નં.૧ ને ગાઢ સંબંધો છે જેથી વાદી સામે પ્રતિ.નં.૧ નાએ મદદ લઈ ખોટો કેસ ઉભો કરેલ. પ્રતિ.નં.૨ ના તપાસ કરનાર અધિકારીએ તપાસ કરી વાદી વિરૂધ્ધ તા.૪/૬/૦૩ નારોજ ચાર્જશીટ કરેલ. પાટણના ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સા.એ તા.૨૭/૬/૦૩ નારોજ વાદીને હાજર રહેવાનો સમન્સ ઈસ્યુ કરેલ જેથી વાદી હાજર થયેલ જે ક્રિ.કે.નં. ૨૩૪૪/૦૩ નો પડેલ. સદર કેસમાં વાદીને તા.૧૫/૧૦/૦૮ નારોજ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે. પાટણના ચોથા એડી.સીની.સીવીલ જજ સા.શ્રીએ તેમના હુકમના પાન નં.૭ માં કરેલ વર્ણન વાદીએ પોતાની સદર અરજીમાં કરેલ છે. આમ પ્રતિ.નં.૧ નાએ વાદી વિરૂધ્ધ ખોટી ફરીયાદ કરેલ તેના કારણે વાદીને પાંચ લાખ રૂપિયાનુ નુંકશાન થયેલ છે જે અંગેનું નુંકશાન વળતર મેળવવા હાલનો દાવો નામ.કોર્ટમાં કરેલ છે.

વધુમાં વાદીએ જણાવેલ છે કે, પ્રતિ.નં.૧ નાએ તેઓ વિરૂધ્ધ તદ્દન ખોટો કેસ કરેલ જે ક્રિ.કે.નં.૨૩૪૪/૦૩ માં પ્રતિ.નં.૧ તરફે વિથ પ્રોસીકયુશન એડવોકેટ પ્રજ્ઞેશ એન.ગાંધી રોકાયેલા અને તેઓ કેસની મુદતે હાજર રહેલ તેમજ પ્રતિ.નં.૧ પણ કેસની જાણકારી મેળવવા નિયમીત આવતા હતા. વાદી, આરોપી તરીકે નામ.કોર્ટમાં અસંખ્ય મુદતોએ હાજર રહેલા. નામ.કોર્ટે સદર કેસમાં પુરાવો નોંધી વાદીને તા.૧૫/૧૦/૦૮ નારોજ નિર્દોષ ઠરાવી છોડી મુકેલા. વધુમાં પ્રતિ.નં.૧ નાએ તા.૧૪/૭/૯૭ ના એમ.આર.ટી.પી.કમીશનના હુકમનુ ઉલ્લંઘન કરવાનો ઠરાવ કરેલ. જે ઠરાવ આંક–૩૫ થી ક્રિ.કે.નં.૨૩૪૪/૦૩ થી રજુ થયેલ છે. વાદીએ, પ્રતિ.નં.૧ વિરૂધ્ધ સાચી ફરીયાદ કરેલ જેનો ક્રિ.કે.નં.૨૪૧૬/૦૩ છે. જે અંગેનો હુકમ આવતા તેઓએ નારાજ થઈ નામ.ગુજરાત હાઈકોર્ટમાં લીવ ટુ અપીલ દાખલ કરેલ. પરંતુ નામ.હાઈકોર્ટે સેશન્સ કોર્ટમાં રીવીઝન કરવાની પરવાનગી આપતા તેઓએ નામ.સેશન્સ કોર્ટમાં રીવીઝન અરજ કરેલ જે હાલ પેન્ડીંગ છે તેની જાણ પ્રતિ.નં.૧ ને થતા તેઓએ પણ નામ.ગુજરાત હાઈકોર્ટમાં ક્રીમીનલ રીવીઝન કરેલ જેમાં નામ.હાઈકોર્ટે કોઈ સ્ટે આપેલ નથી અને પેન્ડીંગ છે. પ્રતિ.નં.૧ નાએ ક્રિ.કે.નં.૨૩૪૪/૦૩ ના કામે ખોટા પુરાવા અને સાક્ષીઓ ઉભા કરેલ છે આમ તેઓએ ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૯૩,૨૧૧ મુજબ સજાનેપાત્ર ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. તથા પ્રતિ.નં.૧ નાએ ક્રિ.કે.નં. ૨૪૧૬/૦૩ ના કામમાં સાહેદ રેવન્તીકુમાર જમનાદાસ શાહને કોર્ટ સમક્ષ જુબાની નહીં આપવા માટે ફોડવા પ્રયત્ન કરેલ અને ધમકીઓ આપેલ જે હકીકત પુરાવાથી સાબીત થયેલ છે. સદર ફોજદારી કેસમાં વાદીને આંક–૧૩ ની જુબાનીમાં પ્રશ્ન પુછાયેલ તેનો જવાબ પેરા–૧૦ માં આપેલ છે તે મુજબ છે. વાદી વિરૂધ્ધ પ્રતિ. નં.૧ નાએ ફોજદારી ફરીયાદ કરી કાયદાની પ્રક્રિયાનો દુર ઉપયોગ કરી તેના કારણે વાદીને સતત અને સખત આર્થિક નુંકશાન થયેલ છે. વધુમાં પેરા–૧૧ માં જણાવેલ છે કે, વાદી વિરૂધ્ધ પ્રતિ.નં.૧ નાએ પાટણ સીટી પો.સ્ટે.માં સે.ગુ.ર.નં.૯૮/૦૩ થી તદ્દન ખોટી ફરીયાદ કરેલ જેથી વાદીની ધરપકડ કરેલ

જેના કારણે વાદી સમાજમાં બદનામ થયેલા, ઉતરી પડેલા અને લોકો તેમને માથાભારે માણસ તરીકે વાતો કરવા લાગેલા અને જોવા લાગેલા જેથી સમાજમાં તેમની પ્રતિષ્ઠાને ખુબ જ નુંકશાન થવા લાગેલ. આર્થિક વ્યવહારો ખોરવાઈ ગયેલા તેમજ મિત્રો, સગા સંબંધીઓ નાણા ઉછીના આપતા બંધ થઈ ગયેલા. જાનથી મારી નાંખવાની ધમકીના આક્ષેપથી તેઓનુ દીલ દુભાયેલ અને લાચાર, વિવશ પરિસ્થિતિમાં મુકાઈ ગયેલા અને માનસિક રીતે ચિતીંત બનેલા. વળી ગુજરાત જેવા લીડીગ ન્યુઝ પેપરમાં તેમના વિરૂધ્ધ સમાચાર પ્રગટ કરાવેલ જેથી તેમની આબરૂને ભારે કલંક લાગેલ. પોલીસે ધરપકડ કરતા નામ.કોર્ટમાં જામીન અરજી મુકેલ અને તેમને જામીન મળેલા. વાદી પાંચ વર્ષ, ત્રણ માસ અને અઢાર દીવસ સુધી પ્રત્યેક મુદતે નામ.કોર્ટ પાટણમાં હાજર રહેલા જેનો આવવા જવાનો તથા ભાડા ભથ્થાનો ખર્ચ પહોંચેલ. તથા મુદતના દીવસે વાદી અન્ય કામ તેમની આવકના સ્ત્રોતનુ કરી શકેલ નહીં જેનાથી વાદીને મોટુ આર્થિક નુંકશાન થયેલ. વાદીને સદર ગંભીર પ્રકારના ગુનામાં સીનીયર વકીલોની કાનૂની સલાહ લેવી પડેલ જેના કારણે માતબર રકમનો ખર્ચ પહોંચેલ. વાદી સામે ઈ.પી.કો.ક.૫૦૬(૨) જેવો ગંભીર ગુનાનો આક્ષેપ પ્રતિ.નં.૧ નાએ કરેલ હોઈ પાંચ વર્ષ જેટલા લાંબા સમય સુધી સતત ભયમાં રહેલા. આમ પ્રતિ.નં.૧ નો ઈરાદો વાદીને ખોટી રીતે હેરાન પરેશાન કરી તેમના ઉપર દબાણ લાવવા ખોટી રીતે જેલમાં ધકેલી દેવાનો હતો અને વેર વૃત્તિ સંતોષવાનો હતો. આમ પ્રતિ.નં.૧ નાએ તેમના ઉપર ઈરાદાપૂર્વક ધ્વેષપૂર્ણ ફોજદારી ફરીયાદ કરી કાયદાની પ્રક્રિયાનો દુરઉપયોગ કરેલ છે તેના કારણે વાદી પ્રતિ.નં.૧ વિરૂધ્ધ વિશિષ્ટ કોમ્પેનશેશન મેળવવા હકકદાર છે તેમ જણાવી સદર પેરા–૧૧ માં વર્ણવ્યા મુજબના પાંચ લાખ રૂપિયાના નુંકશાનની વિગત જણાવેલ છે. સદર અરજીના પેરા–૧૨ માં આ અંગે વાદીએ પ્રતિ.નં.૧,૨ ને લીગલ નોટીસ આપેલ અને જે પ્રતિવાદીઓને બજી ગયેલ છે તેમછતાં પ્રતિવાદીઓએ વાદીની નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. ઉલ્ટાનુ પ્રતિ.નં.૧ પોતાની સ્થાવર, જંગમ

મીલકતો રફે દફે કરવાની તજવીજ, તૈયારી કરી રહયા છે જેની જાણ તા. ૧૨/૧૦/૦૯ નારોજ દુષ્યંતભાઈ ધ્વારા થયેલ જેથી હાલનો દાવો તાત્કાલીક સમય મર્યાદામાં દાખલ કરેલ છે. સદર અરજીના પેરા–૧૩ માં વાદીએ, પ્રતિ.નં.૧ ના વિરૂધ્ધ એમ.આર.ટી.પી.કમીશનમાં આર.ટી.પી.કે.નં.૨૫/૦૪ નો કરેલ. પ્રતિ.નં.૧ ના ગેરકૃત્યના કારણે થયેલ નુંકશાન મેળવવા વાદીએ હાલનો દાવો કરેલ છે. પ્રતિ.નં.૨ ને ફોર્મલ પક્ષકાર જોડેલ છે, તેમની સામે કોઈ દાદ નથી. સી.પી.સી.ક.૮૦ મુજબની નોટીસ વેવ કરવાની પરવાનગી અરજી રજુ કરેલ છે. હાલનો દાવો અરજન્ટ નેચરનો હોઈ તથા પ્રતિ.નં.૧ પોતાની સ્થાવર, જંગમ મીલકતો રફે દફે કરે તેમ હોઈ સી.પી.સી.ઓ.૩૮ રૂલ ૫ મુજબ એટેચમેન્ટ બીફોર જજમેન્ટ માટે હાલની અરજી ગુજારેલ છે. સદર અરજીના પેરા–૧૪ માં પ્રતિ.નં.૧ પોતાની સ્થાવર, જંગમ મીલકતો વેચી નાંખવાની પુરેપુરી તૈયારીમાં છે. જો આમ થાય તો વાદીના દાવાનો કોઈ અર્થ રહે નહીં અને વાદી નુંકશાન મેળવી શકે નહીં. જેથી પ્રતિ.નં.૧ ના ધંધાના સ્થળે દવાનો જથ્થો, ફર્નીચર, રેફ્રીજરેટર વગેરે ચીજ વસ્તુઓ આવેલ છે તેમજ રહેઠાણના સ્થળે આવેલ તમામ મીલકત વગેરે જે હાલ પ્રતિ.નં.૧ ના કબજામાં છે તે તમામ મીલકત પ્રતિ.નં.૧ રફે દફે કરવાની તૈયારીમાં છે તેથી સદર મીલકત એટેચમેન્ટ બીફોર જજમેન્ટમાં લેવા હાલની અરજ ગુજારેલ છે. સદર અરજીના પેરા–૧૫ માં પણ પ્રતિ.નં.૧ પોતાની મીલકતો રફે દફે કરી દેતો વાદી તેમના નુંકશાનના નાણા વસુલ લઈ શકે નહીં અને દાવાનુ હુકમનામુ બજાવી શકાય નહીં અને વાદીનો દાવો કર્યા ના કર્યા બરાબર થઈ જાય જેથી વાદીને માતબર રકમનુ નુંકશાન થાય અને વાદી તેમની જરૂરીયાતના સમયે નાણાંનો ઉપયોગ કરી શકે નહીં. વધુમાં વાદીને દુષ્યંતભાઈ મારફત તા.૧૨/૧૦/૦૯ નારોજ ચૌકકસપણે જાણવા મળેલ કે પ્રતિ.નં.૧ પોતાની સ્થાવર, જંગમ મીલકત વેચવા અંગેના પુરેપુરા પ્રયત્નો કરી રહેલ છે આ માહિતી મળતા તાત્કાલીક દાવો દાખલ કરેલ છે તેમ જણાવી સદર અરજીના પેરા–૧૭ માં સબબ વિનંતીમાં જણાવેલ સબ પેરા (૧) થી (૫) માં

વર્ણવ્યા મુજબની વિનંતી કરેલ છે.

૨. સદર દાવાની નોટીસ પ્રતિવાદીને બજી જતાં પ્રતિવાદીએ તેમના વિ.વકીલ એમ.ડી.પંડયા મારફત હાજર થઈ વાદીના દાવાની તથા આંક–૫ એટેચમેન્ટ બીફોર જજમેન્ટ અરજનો સંયુકત લેખીત જવાબ **આંક–૨૦** થી રજુ કરેલ છે. જેમાં સ્પષ્ટપણે કબુલ કર્યા સિવાયની હકીકતો ખરી અને કબુલ મંજુર નથી તેમ જણાવેલ છે. સદર જવાબના પેજ નં.૧ થી ૧૩ ના પેરા નં.(૧) થી (૨૪) ની હકીકત ખરી અને કબુલ મંજુર નથી તેમ જણાવી વાદીનો દાવો રદ કરવા જણાવેલ છે. સદર જવાબના પેજ નં.૧૩ ના પેરા નં.(૨૫) માં જણાવ્યા મુજબ **સત્ય હકીકત એવી છે કે,** તા.૫/૫/૦૩ નારોજ જે બનાવ બનેલ તે અનુસંધાને તેઓએ સાચી ફરીયાદ આપેલ છે અને તે હકીકત પણ સ્વિકૃત છે કે તે ફરીયાદ અનુસંધાને ક્રિમીનલ કેસ ચાલી જતા નામ.કોર્ટે વાદીને નિર્દોષ જાહેર કરેલ, જે એક પુરાવાનો વિષય છે. સદરહું હુકમ વિરૂધ્ધ તેઓએ નામ.ગુજરાત હાઈકોર્ટમાં રીવીઝન પણ દાખલ કરેલ છે. આમ આ પ્રક્રિયામાં પ્રતિવાદીનો વાદી પ્રત્યે કોઈ પૂર્વગ્રહિત કે ધ્વેષપૂર્ણ ઈરાદો હતો નહીં અને છે પણ નહીં. હકીકતમાં તો વાદી છેલ્લા ઘણા વર્ષોથી પ્રતિવાદીને એક યા બીજા પ્રકરણોમાં બિન જરૂરી રીતે કોર્ટ સમક્ષ અગર તો ટ્રિબ્યુનલમાં અગર તો કમીશનમાં અગર તો ખોટા પોલીસ કેસ કરી તે સંબંધી કાર્યવાહીમાં તેઓને ધ્વેષપૂર્ણ ઈરાદાથી બિન જરૂરી રીતે ખેંચી જઈ તેઓને સતત માનસિક ટેંન્શન આપેલ છે અને તે કારણે ઉલ્ટાનુ તેઓને ધંધાકીય રીતે આર્થિક મોટું નુંકશાન થયેલ છે અને થઈ રહયું છે. આમ વાદીએ,પ્રતિવાદી વિરૂધ્ધ હાલનો તદ્દન ખોટો અને ઉપજાવી કાઢેલ દાવો દાખલ કરેલ છે તેથી વાદીનો દાવો ખર્ચ સહ રદ કરી પ્રતિવાદીને વિશેષ ખર્ચ અપાવવા તથા સદર જવાબના પેજ–૧૪ ના પેરા નં.(૨૬) ના સબ પેરા– (અ) થી (ક) માં વર્ણવ્યા મુજબની દાદ અપાવવા વિનંતી કરેલ છે.

૩. સદર અરજીના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા

ઉપસ્થિત થાય છે.

–:: મુદ્દા ::–

(૧) શું વાદી માગ્યા મુજબ દાદ મેળવવા હકકદાર છે ?

(૨) શું હુકમ ?

૪. ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે પ્રમાણે છે.

–:: નિર્ણયો ::–

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

૫. ઉપરોકત નિર્ણયના મારા કારણો નીચે પ્રમાણે છે.

–:: કારણો ::–

મુદ્દા.નંબર–૧ ::–

બંન્ને પક્ષકારોના વિ.વકીલ શ્રીઓની દલીલો સાંભળી તથા રેકર્ડ ઉપરની હકીકત ધ્યાનમાં લીધી. આ કામના વાદીએ આ કામના પ્રતિવાદી વિરૂધ્ધ મેલેશીયશ પ્રોસીકયુશનના કારણે વાદીને રૂા.૫,૦૦,૦૦૦/– ( અંકે રૂપિયા પાંચ લાખ ) નું નુંકશાન થયેલ છે અને તે રકમ ૧૮ % ના ચક્રવૃધ્ધિ વ્યાજ સાથે પ્રતિવાદી પાસેથી વસુલ મેળવવા માટે હાલનો દાવો કરેલ છે. તે દાવાના કામે આ કામના પ્રતિવાદી, જો પ્રતિવાદી વિરૂધ્ધ ડીક્રી થાય તો તે ડીક્રી નિરર્થક બનાવવા માટે પ્રતિવાદી પોતાની મીલકત ટ્રાન્સફર ન કરે તે માટે સી.પી.સી.ઓર્ડર ૩૮ રૂલ ૫ મુજબની હાલની અરજી કરેલ છે. તે અરજીના અનુસંધાને આ કામના પ્રતિવાદી ચાલુ દાવાએ તેની માલીકીના કબજા ભોગવટાની દુકાન કે જે સંજય મેડીકલ સ્ટોર્સના નામથી ઓળખાય છે તથા ભદ્રંકર સોસાયટી, કાળકા રોડ ઉપર પ્રતિ.નં.૧ ની માલીકીનુ મકાન તેમજ કીલાચંદ શોપીંગ સેન્ટરમાં ફાર્મા કોમ્પ્લેક્ષમાં સંજય ફાર્મા ડીસ્ટ્રીબ્યુટર એ નામથી ઓળખાતી દુકાન તથા જંગમ

મીલકત તથા ભૌતિક ચીજ વસ્તુઓ જેવી કે ટયુબ લાઈટ, પંખાઓ,રેફ્રીજરેટર, ફર્નીચર તેમજ દવાઓ વગેરે ટાંચમાં લેવા તથા દાવાના આખરી નિકાલ થતાં સુધી ટાંચમાં રાખવા કાયમી મનાઈહુકમ આપવા હાલની અરજ કરેલ છે. જયારે આ કામમાં પ્રતિવાદી તરફથી રજુઆત મુજબ આ કામના વાદીનો દાવો અપકૃત્યના વળતર અંગેનો દાવો છે. જયારે આનુષંગિક અરજી સી.પી.સી.કોડ મુજબની છે બંન્ને દાદ સ્વતંત્ર હોવાથી આનુષંગિક કાર્યવાહીથી સંલગ્ન કરી શકાય નહીં તેથી હાલની એટેચમેન્ટ બીફોર જજમેન્ટની અરજી રદ કરવા રજુઆત કરેલ છે. વાદીએ માત્ર તર્ક અને કલ્પનાઓ ઉપરથી હાલના દાવાની રકમ બાંધેલ છે. તેમજ વધુમાં પ્રતિવાદી તરફે એવી પણ રજુઆત છે કે, પ્રતિવાદી કોઈ તેમની સ્થાવર, જંગમ મીલકત રફે દફે કરી રહેલા નથી. વધુમાં જણાવેલ છે કે પ્રતિવાદીના ધંધાની દુકાન પ્રતિવાદીની માલીકીની નથી. પરંતુ ભાડાની મીલકત છે. તેમજ વાદી જે ક્રિ.કે.નં.૨૩૪૪/૦૩ માં નિર્દોષ છુટેલ છે તે હુકમની વિરૂધ્ધ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પ્રતિવાદીએ ક્રિમીનલ રીવીઝન કરેલ છે અને તે પેંન્ડીંગ છે તેથી હાલના દાવાનુ કોઈ કારણ ઉત્પન્ન થયેલ નથી. વધુમાં પ્રતિવાદી તરફે એવી પણ રજુઆત છે કે ધંધા વાળી મીલકત પ્રતિવાદીની માલીકી નથી પરંતુ ભાડાની છે. તેમજ સંજય ફાર્મા ડીસ્ટ્રીબ્યુટર તેમના દિકરાના નામે છે તેમજ વધુમાં એવુ પણ જણાવેલ છે કે તેઓ પાટણ શહેરના નિત્ય રહેવાસી છે, ભવિષ્યમાં પણ પાટણ છોડી જનાર નથી તેથી મીલકત વેચવાનું કે રફે દફે કરવાનુ કોઈ કારણ ઉત્પન્ન થયેલ નથી. તેથી વાદીની હાલની અરજી રદ કરવા રજુઆત કરેલ છે.

૬. આમ બંન્ને પક્ષકારો તરફથી થયેલ રજુઆત ધ્યાનમાં લેતા આ કામના વાદીએ પ્રતિવાદી વિરૂધ્ધ અપકૃત્યના નુંકશાન વળતરનો કેસ કરેલો છે. તેમજ જે ફોજદારી ફરીયાદ વિરૂધ્ધ કેસ કરેલ છે તેના હુકમની વિરૂધ્ધ પ્રતિવાદીએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ક્રિમીનલ રીવીઝન કરેલ છે અને તેથી હાલનો દાવો એ લેણી રકમ અંગેનો દાવો નથી. આ કામના પ્રતિવાદી તરફથી રજુ

**થયેલ રજુઆત ધ્યાનમાં લેતાં તેઓ કોઈ મીલકત રફે દફે કરવા માંગતા નથી કે કોઈ મીલકત વેચાણ કરેલ નથી. તેમજ આ કામના પ્રતિવાદીએ તેની માલીકીની કોઈ મીલકત રફે દફે કરવાની કોઈ તજવીજ કે પ્રયત્ન કરેલ હોય તેવો કોઈ આધાર આ કામના વાદીએ રજુ કરેલ નથી. તેમજ વાદી જે સંજય મેડીકલ સ્ટોર્સની વાત કરે છે તે પ્રતિવાદીના જણાવ્યા મુજબ ભાડાની મીલકત છે. અન્ય મીલકત સંજય ફાર્માનુ વાદી જણાવે છે તે પ્રતિવાદીના દિકરાના નામે છે તેવુ પ્રતિવાદીએ જણાવેલ છે. આમ વાદીએ, પ્રતિવાદીની સ્થાવર, જંગમ મીલકત અંગે હાલની અરજી કરેલ છે તે અંગેનો કોઈ આધાર આ કામના વાદીએ રજુ કરેલ નથી કે તે મીલકત પ્રતિવાદીના પોતાના નામે છે કે કેમ ? આમ, તમામ હકીકત ધ્યાનમાં લેતાં વાદીની અરજી મંજુર થવાને પાત્ર નહોઈ મુદ્દા.નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા.નં.૨ અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવેછે.**

**હુ ક મ**

- **વાદીની આંક–૫ ની અરજી નામંજુર કરવામાં આવેછે.**
- **અરજીનું ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.**

**હુકમ આજરોજ તારીખ ૬ માહે સપ્ટેમ્બર સને ૨૦૧૨ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તા.૬/૯/૧૨**
**પાટણ**

**( ડી.એ.હીંગું )**
**પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ**
**પાટણ**